# મોદીના આગમન પગલે ભાજપ મોદીમય

## એરપોર્ટ સહિત સ્થાનો ઉપર સુરક્ષાનું અભેદ્ય લોખંડી કવચ ખડકાયુ : ભચાઉ અને કંડલાના કાર્યક્રમો કેન્દ્રસ્થાને : ભચાઉને અભૂતપૂર્વ શણગારવામાં આવ્યું

ગાંધીનગર, તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે ત્યારે તેમના આગમન, સ્વાગત અને તેમના કાર્યક્રમોને લઈ ભાજપ દ્વારા તડામાર તૈયારીઓ કરાઈ છે. મોદી આવતીકાલે કંડલા ખાતે રૂ.૯૯૬ કરોડના કામોનું લોકાર્પણ અને ભચાઉ ખાતે નર્મદા નદીના ટપર ડેમમાં નર્મદા નીરના વધામણા અને જળઅભિષેક કરશે. જયારે તા.૨૩મીએ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આફ્રિકન ડેવલપેન્ટ બેંકની એન્યુઅલ મીટીંગમાં વિશેષ હાજરી આપશે. મોદીના ગુજરાત પ્રવાસને લઈ અમદાવાદ એરપોર્ટ સહિતના સ્થાનો પર વીવીઆઈપી સુવિધા અને લોખંડી અભેદ્ય સુરક્ષા કવચ ખડકી દેવાયું છે.

સીઆઈએસએફના ૭૪ સહિત કુલ ૬૦૦ જેટલા સુરક્ષા જવાનોને બાજ નજર રાખવા તૈનાત કરી દેવાયા છે. વડાપ્રધાન મોદીની ગુજરાત મુલાકાતને લઈ ભાજપમાં ખાસ કરીને યુવા અને મહિલા કાર્યકરોમાં જબરદસ્ત ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મોદીની ગુજરાત મુલાકાત દરમ્યાન યોજાનારા વિવિધ કાર્યક્રમોમાં કેન્દ્રીય નાણાંપ્રધાન અરૂણ જેટલી સહિતના કેન્દ્રીય મંત્રીઓ અને મહાનુભાવો જોડાય તેવી શકયતા છે. આ સિવાય આફ્રિકન ડેવલપમેન્ટ બેંકના તા.૨૩મીના એન્યુઅલ મીટીંગના ઉદ્‌ઘાટન સમારોહમાં મોદી ખાસ હાજર આપી સૌકોઈનું ધ્યાન ખેંચશે.

આફ્રિકન ડેવલપમેન્ટ બેંકના આ કાર્યક્રમમાં દુનિયાના ૮૪ મેમ્બર કન્ટ્રીઝના પ્રતિનિધિઓ અને વિવિધ ક્ષેત્રના નિષ્ણાત મહાનુભાવો હાજર રહેનાર છે. મોદીની ટૂંકી મુલાકાતમાં પણ તેમના અલગ-અલગ જગ્યાએ ભરચક કાર્યક્રમો છે. મોદીની ગુજરાત મુલાકાતને લઈ તેમની ફલાઈટના લેન્ડીંગ અને ટેક ઓફને ધ્યાનમાં રાખી વિશેષ સુરક્ષાના આયોજન કરાયા છે. અમદાવાદ એરપોર્ટ પર વિદેશી મહાનુભાવોને લઈને આવનાર ૧૦ જેટલા ચાર્ડર્ડ પ્લેન ઉતરશે. વીવીઆઈપી મુવમેન્ટ વખતે એરપોર્ટ પર જબરદસ્ત ચેકીંગ અને એરપોર્ટ સર્કલથી ટર્મિનલ તરફ પ્રવેશતી તમામ કારોનું કડક ચેકીંગ અને તપાસના આદેશો પણ આપી દેવાયા છે. સુરક્ષાને લઈ એરપોર્ટ ઓથોરીટીએ કોઈ કચાશ રાખી નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આવતીકાલે ભચાઉ ખાતે નર્મદા નદીના વધામણાંના કાર્યક્રમને લઈ ભાજપ દ્વારા ભચાઉને અભૂતપૂર્વ રીતે શણગારવામાં આવ્યું છે. સમગ્ર ભચાઉ શહેરને રોશનીથી સજાવાયું છે. શહેરના દરેક સર્કલ પર રંગરોગાન અને ભાજપના હોર્ડીંગ્સ, મોદીના વિશાળ કટઆઉટ અને બેનરો-ધજા પતાકા આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ભચાઉમાં છેલ્લા એક સપ્તાહથી સાફ સફાઈ અને સજાવટની કામગીરી ચાલી રહી હતી. ભચાઉના મહાદેવ મંદિરોમાં મહાઆરતી અને ઘંટનાદના કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

# સવર્ણ સમાજ માટે અનામતની માંગણી માટે હાર્દિકે મુંડન કરાવ્યું

અમદાવાદ, તા.૨૧

ગુજરાતના પાટીદાર સહિત સવર્ણ સમાજને અનામતના લાભથી વંચિત રાખવાના વિરોધમાં તથા મોઘું શિક્ષણ અને કથળતી સ્થિતિના વિરોધ પ્રદર્શન માટે બોટાદ ખાતે પાસના નેતા હાર્દિક પટેલે મુંડન કરાવ્યું છે. માત્ર હાર્દિક પટેલે જ નહીં બલ્કે પાટીદાર અનામત આંદોલન સમિતિના ૫૦થી વધુ સભ્યો મુંડન કરાવી ચુક્યા છે. હાર્દિક પટેલે કહ્યું છે કે વડાપ્રધાને જે સૌની યોજનાની શરૂઆત એક મહિના પહેલા કરાવી હતી તે યોજનામાં આજે પાણી નથી. હાર્દિકે આક્ષેપ કર્યો હતો કે ભાજપ અને વડાપ્રધાન માત્રા મોટી મોટી વાતો કરે છે.



વાસ્તવિકતા કઈક અલગ છે. બોટાદમાં એજ જગ્યાએ મુંડન કરાવ્યા છે જ્યાં વડાપ્રધાન આવ્યા હતા. મોદી આવતીકાલે ગુજરાત પહોંચીરહ્યા છે. પાટીદાર સમાજ દ્વારા હાર્દિક પટેલની હાજરીમાં સાંજે ૪ કલાકે ગઢેચી વડલા ખાતે સરદાર પટેલના સ્મારકને ફુલહાર કરીને ન્યાય યાત્રાની શરૂઆત કરી હતી. નિલમબાગ સર્કલથી જવેલ્સ સર્કલ થઈ ન્યાયયાત્રા વિજયરાજ નગરમાં આરટીઓ રોડ ખાતે આવેલી ગોપાલલાલજીની હવેલી સામેની વાડીમાં ભવ્ય સભામાં રૂપાંતર થઈ હતી. આ ન્યાયયાત્રાનું સમગ્ર રૂટમાં ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું. મોદી મંગળવારના દિવસે ગાંધીનગર પહોંચશે. આફ્રિકન બેંકના કાર્યક્રમમાં ભાગ લેશે. હાર્દિક પટેલે કહ્યું હતું કે તેઓએ એક મીસકોલ ઝુંબેશ શરૂ કરી છે જેમાં બે લાખથી વધારે કોલ મળ્યા છે. ખેડૂત, મહિલા, યુવાનો અને બેરોજગારીના મુદ્દા પર કઈ રીતે લડવામાં આવે તેને લઈને વિચારણા ચાલી રહી છે. ૫૦ લાખ લોકોને મિસ કોલ અભિયાન સાથે જોડવાની રણનીતિ તૈયાર કરવામાં આવી છે. પહેલા મોદીના વખતે લોકો જમા થતા હતા પરંતુ હવે એકત્રિત થતા નથી.

# અમદાવાદ ફી પેનલની આજે અતિ મહત્વપૂર્ણ બેઠક મળશે

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ ફી પેનલની અતિ મહત્વની બેઠક આવતીકાલે મળનાર છે. સેલ્ફ ફાઈનાન્સ સ્કુલોમાં ફી રેગ્યુલેશન માટેની અમદાવાદ કમિટીની આ બેઠકમાં જુદા જુદા પાસા પર ચર્ચા કરવામાં આવનાર છે. તેની પ્રથમ બેઠકમાં કયા મુદ્દા પર ચર્ચા થશે તે અંગે વધુ વિગત મળી શકી નથી પરંતુ પાંચ સભ્યોની કમિટીની બેઠકનું નેતૃત્વ પૂર્વ આઈએએસ અધિકારી સી.એલ. મીણા કરનાર છે. કમિટીના અન્ય સભ્યોમાં પ્રાયમરી એજ્યુકેશનના પૂર્વ ડિરેકટર આરસી રાવલ, કડી સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભ પટેલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દુર્ગેશ બુચ અને નરેન્દ્ર પટેલનો સમાવેશ થાય છે. કમિટી દ્વારા ઉંચી ફી માટેની અરજીઓ ઉપર વિચારણા કરવામાં આવશે. સાથે સાથે નવા ફી માળખાને કઈ રીતે અમલી કરવામાં આવે તે પાસા ઉપર પણ ચર્ચા વિચારણા કરવામાં આવશે. અમદાવાદ ફી કમિટીની આ પ્રથમ વખત બેઠક મળી રહી છે. જ્યારે અન્ય ક્ષેત્રીય કમિટીઓની બેઠક મળતી રહે છે. અમદાવાદ કમિટી અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, ગાંધીનગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, બોટાદ અને કચ્છને આવરી લેશે. મોટી સંખ્યામાં સેલ્ફ ફાઈનાન્સ સ્કુલો દ્વારા અમદાવાદ કમિટી હેઠળ ઉંચી ફીની માંગણી કરવામાં આવી છે. જેથી આ કમિટી સામે ઘણા બધા જટીલ પ્રશ્નો છે. આની બિલકુલ વિરૂદ્ધમાં આશરે ૧૫૦ જેટલી સ્કુલો જેમની ફી મર્યાદા હેઠળ છે તે લોકોએ કમિટીને એફિડેવિટ સુપરત કરી દીધા છે. મોટાભાગની સ્કુલો તેમના દસ્તાવેજો તૈયાર કરી રહી છે. ટૂંકમાં જ અરજીઓ તૈયાર થઈ જશે. ઊંચી ફી કરવા ઈચ્છુક સ્કુલો દ્વારા ૨૪મી મેની મહેતલને લંબાવવાની માંગ કરી છે. કમિટીને દસ્તાવેજો સોંપવા માટે ૨૪મી મેની તારીખ નક્કી કરવામાં આવી છે.

# સે-૧૫માં દબાણ વિભાગ ટીમનો સપાટો : પાકા ઝૂંપડા તોડી પડાયા

## સે-૫ સીએનજી પંપ પાસેના લારી-ગલ્લા તેમજ પાકા દબાણ ટીમે દુર કર્યા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં દબાણનો પ્રશ્ન માંથાના દુખાવા સમાન બનવા પામ્યો છે. તંત્રના અધિકારીઓ પણ દબાણના પ્રશ્ને માથા ખંજવાળતા નજરે પડે છે. ત્યારે શહેરમાં પીએમના આગમનના પગલે શહેરને જાય છે. દબાણનો પ્રશ્ન શહેરના નાગરીકો માટે અને તંત્ર માટે મુખ્ય પ્રશ્ન બની ગયો છે. ત્યારે શહેરના સેકટર-૧૫ તેમજ સે-૫ સીએનજી પાસે આવેલ લારી-ગલ્લા સહિત પાકા ઝુંપડાના દબાણ હટાવવાની કામગીરી દબાણ ટીમના વડા મહેશ મોડની દેખરેખ



દબાણ મુકત બનાવાઈ રહ્યું છે. જેને પગલે આજે શહેરના સેકટર-૧૫ અને સે-૫ સીએનજી પંપ પાસેના લારી-ગલ્લા સહિત ૧૫ થી વધુ પાકા ઝુંપડાના દબાણો મનપાની દબાણ ટીમ દ્વારા દુર કરવામાં આવ્યા છે. તંત્રની ટીમ જોતા જ દબાણકારોમાં નાસભાગ મચી જવા પામી હતી.

ગાંધીનગર શહેરના માર્ગો તેમજ સેકટરોના આંતરીક માર્ગો પર લારી-ગલ્લા સહિત પાકા ઝુંપડાના દબાણો ગોઠવાઈ ગયા છે. શહેરમાં રાત્રે ના વધે તેટલા દબાણો દિવસે વધતા જાય છે. શહેરને દબાણમુક્ત કરવા સમયાંતરે દબાણ વિભાગની ટીમ દબાણકારો પર ત્રાટકીને દબાણો દુર કરે છે. પરંતુ દબાણકારો થોડા દિવસ બાદ ફરીવાર પોતાના સ્થળે ગોઠવાઈ હેઠળ કરવામાં આવી હતી. શહેરમાં પીએમના આગમનને પગલે ઘ માર્ગને રોશનીથી ઝળહળતો કરાયો છે. નગરના તમામ લારી ગલ્લાના દબાણ તંત્ર દ્વારા દુર કરાયા છે. દબાણ ટીમ સમયાંતરે દબાણ હટાવની કામગીરી થાય છે. પરંતુ ગણ્યાંગાંઠ્યા દિવસો બાદ પોતાની નિયત જગ્યાએ લારી-ગલ્લા ગોઠવાઈ જાય છે. ત્યારે સે-૫ અને સે-૧૫માંથી દબાણટીમ દ્વારા દબાણ દુર કરાતા અન્ય દબાણકારોમાં પણ ફફળાટ ફેલાયો છે. જયારે દબાણટીમ અચાનક આવી જતા દબાણકારો પોતાની ચીજવસ્તુ લેવા માટે પડાપડી કરી હતી.ત્યારે આગામી સમયમાં પણ દબાણની કામગીરી કાર્યરત રહેશે તેમ દબાણટીમના વડા મહેશ મોડે જણાવ્યું છે.

# અમદાવાદ ખાતે કેપી ગર્લ્સ કોલેજનું લોકાર્પણ

અમદાવાદ, તા.૨૧

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, અમદાવાદ જેવા શહેરી વિસ્તારમાં ઉચ્ચ કારકિર્દી માટે વિદ્યાર્થીનીઓને વધુ શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે કેપી ગર્લ્સ હોસ્ટેલ ખુબ ઉપયોગી બની રહેશે. આજે અમદાવાદ ખાતે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કેપી ભવન ખાતે નિર્માણ પામેલી કાશિબા ગર્લ્સ હોસ્ટલનું લોકાર્પણ કર્યું હતું. તેમણે દાતાઓને આ શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા બદલ બિરદાવ્યા હતા. નાયબ મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કોઈપણ સમાજમાં દાતાઓના સહયોગથી અનેક સેવા પ્રવૃત્તિઓ થતી હોય છે ત્યારે તેમને પ્રોત્સાહન આપવું એ આપણા સૌની નૈતિક ફરજ બને છે. નાયબ મુખ્યમંત્રીએ આ પ્રસંગે ઉપસ્થિત તમામ દાતાઓનો આભાર માની મોમેન્ટો આપી સન્માન કર્યું હતું.

